## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ,
એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા અર્જુનસિંહ વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ગાંધીનગરમાં યુગદષ્ટા સ્ત્રી રૂપે જીવંત થઈ 'કૈકેયી'



૧૭ માર્ચે જેમનો જન્મ દિવસ હતો એવા લેખક દોલત ભટ્ટની નવલકથા કૈકેયી પર આધારિત રાજુ બારોટ દિગ્દર્શિત નાટક 'કૈકેયી' રવિવારે ગાંધીનગર ખાતે ભજવાયું હતું. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આયોજિત આ નાટકમાં કૈકેયીના પાત્રમાં વૈભવી ભટ્ટે પ્રભાવી અભિનય આપ્યો હતો. નાટક દ્વારા દર્શકો કૈકેયીના વિચક્ષણ અને વિલક્ષણ વ્યક્તિત્વના અપ્રગટ સ્વરૂપોથી પરિચીત થયા હતાં. રામાયણના ઉદ્ભવનો ઉલ્લેખ આવે ત્યારે સામાન્યપણે આપણે કૈકેયીના પાત્રને એક ખલનાયિકાના રૂપમાં જોઈએ છીએ. પરંતુ એ જ પાત્રને અહીં એક યુગદષ્ટા અને આર્યવર્તના રક્ષક તરીકે યથાર્થ દલીલો સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકમાં માલ્યવાન તરીકે રાજુ બારોટ દમદાર રહ્યા. સુમંત પણ જોરદાર અને કૈકેયીના પાત્રમાં વૈભવી ભટ્ટે તો સૌનાં દિલ જીતી લીધાં.

## આદિશ્વર કૉલેજમાં બુધવારે રાજ્ય સરકારના સહયોગથી કૅમ્પસ પ્લેસમૅન્ટ ડ્રાઈવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી વિનસમાં બુધવાર, તા. ૨૨ માર્ચ, ૨૦૧૭ના રોજ શ્રમ અને તાલીમ વિભાગ, ગુજરાત રાજ્ય સરકારના સંયુક્ત સહયોગથીત કૅમ્પસ પ્લેસમૅન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવમાં મહિન્દ્રા ટૅક, સ્માર્ટ લાયન, ભક્તિ મૅનેજમૅન્ટ સર્વિસિઝ, ઍનઆઈઆઈટી, રેવે ઑટોમેશન, ડિજીટલ વર્લ્ડ જેવી પ્રતિષ્ઠિત કંપનીઝ ઈજનેર વિદ્યાર્થીઓની ભરતી માટે ભાગ લેવા જઈ રહી છે.

આ પ્લેસમૅન્ટ ડ્રાઈવમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ અંગેની માહિતી આપતાં આદિશ્વર કૉલેજના પ્લેસમૅન્ટ વિભાગના હેડ દીપ મહેતાએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર અને આદિશ્વર કૉલેજના સહયોગથી ૧૫ જેટલી પ્રતિષ્ઠિત કંપનીઝ ઈજનેર વિદ્યાર્થીઓને નોકરીની તકો પૂરી પાડવા માટે કૅમ્પસમાં આવી રહી છે. આ પ્લેસમૅન્ટ ડ્રાઈવમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ ઉપરાંત પાસ થઈ ગયેલા વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ રહ્યા છે.

## ગુજરાત સ્ટેટ સિલૅક્શન ફૉર રૅપીડ અને બ્લીટ્સ ચૅસ ટુર્નામૅન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સ્ટેટ સિલેક્શન બ્રેઈન પાવર ચૅસ ઍકેડેમી દ્વારા ગુજરાત સ્ટેટ ચૅસ ઍસોસિએશનના નેજા હેઠળ રિફોર્મ ક્લબ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ૧૧-૧૨ માર્ચના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી રૅપીડમાં કુલ ૧૪૨ તથા બ્લીટ્ઝ ટુર્નામેન્ટમાં કુલ ૧૨૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

રૅપીડ ટુર્નામેન્ટમાં જીત જૈન, મોક્ષ દોષી, વૃંદેશ પારેખ અને ઍસ કે સિન્હા તથા બ્લીટ્ઝ ટુર્નામૅન્ટમાં દીપ પંચાલ, મૌલિક રાવલ, નૈતિક મહેતા અને ફૅનિલ શાહ અનુક્રમે વિજેતા બન્યા હતા.

આ ટુર્નામૅન્ટમાં કુલ ૧૫ હજારના રોકડ ઈનામો ગુજરાત સ્ટેટ ચૅસ ઍસોસિએશનના સૅક્રેટરી ભાવેશ પટેલ દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. પ્રથમ બે વિજેતા ખેલાડીઓને નૅશનલ ટુર્નામૅન્ટ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

## જૂની રંગભૂમિ પર ગવાતાં ગીતોના પુસ્તકનું વિમોચન



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને તખ્તાના ત્રીજે ખૂણે, ગુજરાતના મીર કોમના કવિઓ જેવાં પુસ્તકોના સંપાદક ભીખુ કવિએ 'વન્સમોર' શિર્ષક હેઠલ જૂની રંગભૂમિ પર ગવાતાં યાદગાર ગીતો, સંવાદો અને દોહરાનું સંશોધન-સંપાદન કરીને એક પુસ્તક તાજેતરમાં પ્રગટ કર્યું છે.

દોલત ભટ્ટ લિખિત અને રાજુ બારોટ દિગ્દર્શિત નાટક કૈકેયીના મંચન પ્રસંગે આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. જૂની રંગભૂમિની વિસરાયેલી વાતોને સંપાદિત કરી એમાં વીર પસલી, માલવપતિ મુંજ, હંસા કુમારી જેવાં નાટકોનાં ગીતોથી સજાવેલા આ પુસ્તકનું વિમોચન દોલત ભટ્ટ, ભરત કવિ, સંજય થોરાત, રાજુ બારોટ, મૂળજી પરમાર, નટવર હેડાઉના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પુસ્તકના માધ્યમથી વલ્લભપતિ નાટકનું ગીત ઝટ જાઓ, ચંદનહાર લાવો, ઘુંઘટ નહીં ખોલું રે... અને એના સંવાદ કદાચ ઘણા દિવસે બધાને વાંચવા મળશે. પુસ્તકના સંપાદક ભીખુ કવિએ એમની દસ પાનાંની પ્રસ્તાવનામાં ગુજરાતી રંગભૂમિની ઘણી બધી વાતો માંડી છે. જેમને નાટક, રંગભૂમિ વિશે લગાવ છે એમને ગમી જાય એવું સરસ આ પુસ્તક છે.

## ડાયરેક્ટ ❤ સે

કોણ, ક્યારે, કેમ
આવે-જાય છે ?
જિંદગી કે મોત
ક્યાં સમજાય છે ?

-ચિનુ મોદી

## ઈર્શાદ થ્યાં દિવંગત એ કોણ માનશે ?



લૂંટાણી શબ્દ-સરજત
એ કોણ માનશે ?
'ઈર્શાદ' થ્યાં દિવંગત,
એ કોણ માનશે ?
સાહિત્યનો સમંદર,
ડૂકી ગયો છે જાણે !
હરિયાળી થઈ છે રણવત,
એ કોણ માનશે ?
લીલેરી લાગણીનો
દુકાળ કો' પડ્યો છે;
કવિતા છે શૂન્યવત અવ,
એ કોણ માનશે ?
પડઘા ચીનુ મોદીના
ગુંજે છે શબ્દલોકે;
અક્ષર થયો છે ખંડિત,
એ કોણ માનશે ?
અણોહરા બન્યાં છે,
સૂર-શબ્દ ગુર્જરીના,
વેણુ ય પીડાગ્રસ્ત છે,
એ કોણ માનશે ?
ગરિમા અનોખી બક્ષી
ચીનુદાએ ગુજ્જુઓને;
ગિરા હા ! શોકગ્રસ્ત છે,
એ કોણ માનશે ?
સર્જક અને ચાહકને
પડી ખોટ ભારે મોટી;
ગુજરાત આંસુગ્રસ્ત છે,
એ કોણ માનશે ?
શાયર ચીનુના જાતાં,
કણસે મુશાયરાઓ;
ચીનુદા તો હૃદયસ્થ છે,
સહુ કોઈ માનશે.

- ભરત કવિ 'ઊર્મિલ'

# ધ્યાન રાખજો, બુદ્ધિના પ્રભાવમાં સ્નેહની સચ્ચાઈ છૂપાઈ ન જાય




જિંદગી ઝીંદાદિલીનું નામ છે. જીવનની ઝીંદાદિલી-જવામર્દીના મૂળમાં પ્રેમનું અમૃત હોય છે. તાજેતરનો એક પ્રસંગ યાદ આવે છે. મુંબઈની ગોરેગાંવ સ્પોર્ટસ ક્લબનો બેન્કવેટ હોલ. સાંજના ચારેક વાગ્યાનો સુમાર. ઢોલ, ત્રાંસા અને શરણાઈના સૂર રેલાતા હતાં. સૂરવાલ અને કેસરીયાળા સાફા સાથે જોમ અને જુસ્સાપૂર્વક ૭૫ વર્ષનો યુવાન કમર પર કટાર લગાવીને હોલમાં પ્રવેશવાની તૈયારીમાં હતો. જાનમાં દુલ્હાની સાથે ૪૫-૫૦ વર્ષના તેના બે દીકરાઓ, દીકરાઓની ધર્મપત્નીઓ, એમના બાળકો, મિત્રો, સગાંવહાલાંઓ બધાંજ ખૂબ મોજમાં હતાં. દુલ્હાને લઈને બેન્કવેટ હોલના દરવાજે દુલ્હનની પ્રતિક્ષામાં બધા ઊભા હતાં. આ યુવાન દુલ્હા ડૉ. નરેશની આંખો શોધતી હતી એની દુલ્હન અનિલાને. હોલની અંદરની બાજુ બેસબરીથી ઈંતજાર કરતી ૭૫ વર્ષની ફૂટડી યુવાન દુલ્હન અનિલા પણ ડો. નરેશને વરમાળા પહેરાવવા ઉત્સુક હતી. ડો. નરેશ અને અનિલાબહેન બન્નેના હૃદયમાં લગ્નજીવનના પાંચ પાંચ દાયકા પછી પણ એક બીજા માટેનો સતત-અવિરત વહેતાં સ્નેહ અને લાગણીને સૌકોઈ આદરપૂર્વક અનિમેષ નયને જોતાં હતાં.

પચાસ વર્ષના લગ્નજીવન બાદ પણ સ્નેહની આટલી તિવ્રતા અને સંબંધોના પ્રગાઢપણાની અનુભૂતિ જીવનમાં અદકેરો આનંદ આપે છે. સ્ટેજ ઉપર વરમાળા પહેરાવ્યા પછી ડો. નરેશે 'હિરોઈક સ્ટાઈલ'માં ગોઠણ પર બેસીને એક હાથ હવામાં રાખીને 'યંગ ઈન્ડિયા સ્ટાઈલ'માં 'આઈ લવ યુ અનિ...' જ્યારે કહ્યું... (ડોકટર અનિલાબહેનને પ્રેમથી અનિ કહે છે.) અને અનિલાબહેન પણ એક મસ્ત અંદાજમાં શરમાઈને કહે છે 'આઈ લવ યુ ટુ... ડોકટર'. આજુબાજુ ઊભેલા આ દંપતિના પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રો, પૌત્રીઓ, સગાંવહાલાંઓ, મિત્રો બધાંજ જોરદાર ચીચીયારીઓ પાડીને આ અનોખા જાનદાર અને શાનદાર લગ્નના જશનને ઓર મજાદાર બનાવી દીધો. પછી તો ડોકટર અને અનિલાબહેનના બાળકોએ બોલીવુડ સ્ટાઈલમાં રોમેન્ટિક ગીતો, કવિતાઓ, શાયરીઓથી આ દંપતિના દામ્પત્યજીવનના વિવિધ પાસાઓને સંગીતમય રીતે ઊજાગર કર્યાં. બધા જ હાજર રહેલાં ૨૦૦-૫૦૦ મિત્રોએ આ લગ્ન સમારંભને દિલથી માણ્યો અને સાથે બેસીને મોજથી ભોજન કર્યું.

આ આખો પ્રસંગ જીવનના મજેદાર દ્રષ્ટિકોણને ઉજાગર કરે છે. કવિ સુરેશ દલાલની એક રચના છે કે, 'એક ડોસો ડોસીને હજી વહાલ કરે છે, કમાલ કરે છે...' ખરેખર સાચા અર્થમાં જો જીવનની કમાલ કરવાની ચાવી મેળવવી હોય તો પતિ-પત્નીના સ્નેહમાં જ એ સમાયેલી છે. સ્નેહ એક એવી જડીબુટ્ટી છે કે જે વધતી ઉંમરને રોકે છે. સ્નેહ જીવનમાં ઉત્સાહના ફૂવારા સમાન છે. જેના જીવનમાં ઉત્સાહ નથી એનું જીવન મમરાના કોથળા જેવું છે મમરાનો કોથળો દેખાય બહુ મોટો પણ હોય બહુ ફોફો. સમય તો એક સતત વહેતું પરિબળ છે. એક અર્થમાં એ અનાદિ પણ છે, કાળ પૌરાણિક અને પુરાતન પણ છે અને કાળ સનાતન પણ છે. કેલેન્ડર ઉપર ફરફર વહેતા વાયરાની જેમ તારીખના પાના ફરતા જાય. પણ એનાં કરતાં સ્નેહના અતૂટ સથવારે તારીખ હંમેશા તવારિખ બનીને જીવી જાય એનું નામ જ સાચું જીવન.




સમય ન કદી પકડાયો છે. સમય ન કદી પકડાશે. પણ સમયને જીવંત બનાવવા જો કોઈ મજબૂત તત્વ છે તો એ તત્વનુ નામ સ્નેહ છે. એટલે જ સ્નેહનું સત્વ ૭૫ વર્ષની આયુએ પણ ૨૫ વર્ષના યુવાન જેવું થનગનતું મન અને ધડકતું હૃદય આજીવન યુવાનીનો અહેસાસ કરાવે છે. યુવાનીને વય સાથે કોઈ લેવા દેવા નથી. યુવાની આચાર-વિચાર અને વય આ ત્રણેય રીતે અલગ અલગ મુલવાતી હોય છે. ઢીલી ઢાલી, નિસ્તેજ વિચાર-સરણીવાળા, કોઈપણ પ્રકારના ઉત્સાહ વગરના ૨૦-૨૨ વર્ષની વયના યુવાન બુઢ્ઢાઓ પણ આ દુનિયામાં હોય છે, અને ઘરેડમાં ન જીવતાં સદાય નવું કરવાની તમન્નાવાળા તરવરીયા અને ઉત્સાહથી હર્યાભર્યા ડો. નરેશભાઈ અને અનિલાબહેન જેવા ૮૦ વર્ષના યુવાનો પણ આ દુનિયામાં છે.

'બે હથેળીઓ મળીને ઘર થયું
તે પછી જે થયું તે સુંદર થયું...'
- અવંતિકા ગુણવંત

પ્રેમનું તો એવું છે કે, એ સદાય આદિ-અનાદિ કાળથી અસ્ખલિત વહેતું પવિત્ર, જાજરમાન ઝરણું છે. પ્રેમ-સ્નેહ ક્યાં કોઈ દિવસ કોઈને પૂછીને થાય કે સમજીને થાય છે ? સ્નેહની વાત હોય એટલે કવિ તુષારભાઈ શુક્લની પેલી યાદગાર રચના યાદ આવ્યા વગર ન રહે. 'દરિયાના મોજા કંઈ રેતીને પુછે તને ભીંજાવું ગમશે કે કેમ ? એમ પૂછીને થાય નહીં પ્રેમ...' હંમેશા જીવનમાં પ્રીતનું સંગીત રેલાવે. સ્નેહ મગજની ટ્યુનીંગ સિસ્ટમ છે અને હૃદયની સ્માઈલીંગ સીસ્ટમ છે.

ઘડપણ શબ્દ જ ત્રાસજનક છે. ઘડપણ એ બીબાઢાળ ઘરેડ પદ્ધતિથી બનતું વ્યક્તિત્વ છે. ઘરડાં થવું એ ભયંકર વાત છે. કદી માફ ન કરી શકાય એવો ગુનો એ છે. વિચારોનું વૃંદાવન વિકસે, અનુભવોની અગાશી ઉપર શાંત મને બેસાય. સંસ્કાર અને શિક્ષણની શાતા હોય એ અવસ્થા વૃદ્ધિ પામતાં પામતાં વૃદ્ધ બનાય. વૃદ્ધ થવું એ જ સાચા અર્થમાં સનાતન સત્ય છે. જાણીતા ચિંતક પદ્મ પુરષ્કૃત શ્રી ગુણવંતભાઈ શાહે એક જગ્યાએ કહ્યું છે કે, 'વિચાર અને વિવેકથી સતત વૃદ્ધ થતો રહે એ જ વૃદ્ધ. ખીસકોલી ઘરડી થાય તોય દોડવામાં ધીમી ક્યાં પડે છે...' કોઈપણ વયે જિંદાદીલી, ઉત્સાહ, ઉમંગ, સ્નેહમાં પાછા પડવાનું પાલવે જ નહીં. કોઈપણ પુષ્પ ખરવાની અણી ઉપર હોય તો પણ ખૂશ્બુ ફેલાવવાની છોડી દીધી હોય એમ ક્યાં બને છે ?

વિનોબા ભાવેએ ગૃહસ્થાશ્રમ વિશે કહ્યું છે કે, સંયમ, સેવા અને સત્ય આ ત્રણ બાબતોનો સરવાળો થાય એ જ સાચું સંન્નિષ્ઠ ગૃહસ્થાશ્રમ જીવન. જીવનમાં ભૌતિક સુખ પ્રાપ્તિના સમાન હેતુઓ માટે સાથે મળીને એક રાહ પર ચાલવું એ લગ્નજીવનનો પાયો છે. સમસ્યાઓ, સફળતા, પરાજય અને વિજયમાં એક મેકની સાથે મળીને ઝૂમવું અને ઝઝૂમવું એ લગ્નજીવનની મોજ છે. જીવનના દરેક પહેલુંમાં એક સરખો પ્રેમ રહે એ પણ સંભવન નથી. કદાચ જો એમ બને તો એ જીવન રસપ્રદ પણ ન રહે. એટલે જ ક્યારેક ગુસ્સો, કંટાળો, નિરાશા અને થથરાટ પણ જરૂરી છે. પરંતુ આ સર્વ બાબતોના કેન્દ્રમાં છે, સ્નેહ. સ્નેહ સાથે આવે સ્મિત અને સ્મિતની દ્વારા જ સદાય સુખ. નરસિંહભાઈ પટેલની એક સરસ વાત યાદ આવે છે એમણે કહ્યું છે કે, આપણો પુરુષપ્રધાન ધર્મ એ રહ્યો છે કે, સેવાભાવે લગ્ન કરીએ, વિલાસ ભાવે નહીં. પત્નીને 'શ્રેયસી' માનીએ અને બનાવીએ, પ્રેયસી નહીં. બન્ને મળીને ગૃહ સેવા કરીએ, કુટુંબ સેવા કકરીએ, સમાજ સેવા કરીએ, સંસાર સેવા કરીએ, પ્રજાને જન્મ આપીએ અને તે સમાજને ચરણે ધરીએ. પ્રજાને વાત્સલ્ય ભાવે ઉછેરીએ અને કેળવીએ. બ્રહ્મચર્ય પાળી સંમિલિત જીવન જીવીએ અને ત્યાગવૃતિ, ભ્રાતૃભાવ, સમાનભાવ વગેરે કલ્યાણસાધક ભાવનાઓ પોતાનામાં અને પ્રજામાં કેળવણીએ.

દાંપત્યજીવનમાં પુરુષ એકલો અધૂરો છે, એમ સ્ત્રી પણ એકલી અધૂરી છે. પ્રાકૃતિએ બન્નેનું સ્વરૂપ એકબીજાની પૂર્ણતા માટે જ ઘડ્યું છે. ગમા અણગમા, રસ-ઋચિ અલગ અલગ રહે જ પરંતુ પ્રેમના આ યોગને બિલકુલ ઉની આંચ ન આવે એમ તેને મઠારવાનું, સજાવવાનું અને ચમકાવવાનું કામ નિરંતર થતું રહે એ જરૂરી છે. સ્નેહની સરવાણી વહે એ અગત્યનું છે. દરમિયાન બુદ્ધિની બોલતી બંધ થાય અને હૃદયમાંથી વાણી વહે તો જીવનમાં કોઈ સમસ્યા જ ન રહે.

એક વાત દ્રઢ પણે મનમાં કોતરાયેલી હોવી જોઈએ કે, આપણા જીવનમાં બે જ દિવસો અગત્યના છે. એક તો જે દિવસે આપણો જન્મ થયો હોય અને બીજો એ દિવસ કે જ્યારે આપણને સમજ પડે કે આપણો આ જન્મ સ્નેહ લેવા માટે અને સ્નેહ કરવા માટે થયો છે. જો બીજાની ભૂલનો સ્વીકાર નથી કરી શકાતો, માફ નથી કરી શકતા તો પછી આપણી ભૂલને બીજા માફ કરે એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? આ સિદ્ધાંત ઉપર દાંપત્યજીવનની સુવાસ પ્રસરતી હોય છે. બુદ્ધિ તો કઠપૂતળી છે. ધ્યાન રાખજો બુદ્ધિના પ્રભાવમાં સ્નેહની સચ્ચાઈ છૂપાઈ ન જાય. હંમેશા બુદ્ધિના સથવારે ઘટનાઓનું મૂલ્યાંકન કરવું યોગ્ય હોતું નથી. સ્નેહ સદાય શક્તિનો અને સત્યનો જીવંત પર્યાય બનીને રહે છે.

સ્નેહમાં ક્યારેય છળ-કપટને સ્થાન નથી. હિતેન આનંદપરાજીએ સરસ વાત કરી છે કે, હંમેશા પાસબુકમાં જ સુખ હોય એવી માન્યતા ન રાખવી, સુખ તો પ્રેમબુકમાં પણ હોય. શ્વાસને ચાલુ રાખવાની અથવા હોવાની ઘટનાને જીવન સમજવાની ભૂલ ન કરવી. સ્નેહથી શ્વાસને સાર્થક કરવાની ઘટનાને જ જિંદગી કહેવાય.

**ધબકાર**

સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ઊભરાજો, પણ બેય એકાકી જ રહેજો- જેમ વીણાના તારો એક જ સંગીતથી કંપતાં છતાં પ્રત્યેક છૂટો જ રહે છે તેમ. તમારાં હૃદયો એકબીજાને અર્પજો, પણ એકબીજાને તાબામાં સોંપશો નહીં.

- ખલીલ જિબ્રાન

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**